# પ્રવેશ અંગેની શરતો

૧) ઉમેદવારની ઉંમર તા. ૩૧/૦૧/૨૦૨૫ના રોજ ૧૮ વર્ષથી વધુ હોવી જોઇએ.

૨) ઉમેદવારને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિતી-નિયમો મુજબ પ્રવેશ આપવામાં આવશે.

૩) માન્ય થયેલ કુલ અરજીઓનો કોમ્પ્યુટર રાઇઝ ડ્રો કરી મેરીટ તૈયાર કરવામાં આવશે. જે મેરીટ ક્રમ મુજબ અગ્રતાના ધોરણે ઉમેદવારોને તાલીમ માટે બોલાવવામાં આવશે.

૪) એગ્રો ઈનપુટ ડીલરને પ્રાથમિકતાઆપવામાં આવશે.

૫) નિયત કરેલા નિયમોનુસાર પસંદ થયેલ ઉમેદવારે રૂબરૂ મુલાકાત સમયે શૈક્ષણિક લાયકાતનું ગુણપત્રક, શાળા છોડ્યાનું પ્રમાણ પત્ર, આધાર કાર્ડ વગેરે અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

૬) પસંદગી પામેલ ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે સ્વખર્ચે હાજર રહી **કોર્ષની ફી રૂા. ૧૯,૫૦૦/- ડી.ડી.થી ભરવાના રહેશે. ડી.ડી. Training Associate (Agro.), DEE, JAU, Junagadh** ના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો જ લાવવાનો રહેશે.

૭) પસંદગી પામેલ ઉમેદવારે તાલીમના પ્રથમ દિવસે જ હાજર થવાનું રહેશે. ઉમેદવાર હાજર ન થાય તો પ્રતિક્ષા યાદીમાં અગ્રતાક્રમ મુજબના ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. તેમજ ભરેલ ફી કોઇપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી.

૮) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના કાર્યક્ષેત્રમાં આવતા જૂનાગઢ, ગીર સોમનાથ, જામનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, મોરબી, પોરબંદર, અમરેલી, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લાઓના જ ઉમેદવાર અરજી કરી શકશે.

૯) આ કોર્ષ પંદર દિવસનો ફુલ ટાઇમનો રહેશે. આ તાલીમ કોર્ષ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોતીબાગ, જૂનાગઢ ખાતે યોજાશે. તેમજ આ તાલીમ દરમ્યાન ચા-નાસ્તો, ભોજન તથા રહેવાની વ્યવસ્થા અત્રેથી કરવામાં આવશે.

૧૦) અભ્યાસક્રમનો સમય સવારનાં ૦૯:૩૦ કલાકથી સાંજનાં ૧૮:૦૦ કલાક સુધીનો રહેશે.

૧૧) પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૮૦% હાજરીની જરૂરીયાત રહેશે. પરંતુ માંદગી તેમજ ખાસ કિસ્સાઓમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી આધાર પુરાવાઓ ધ્યાને લઇ ખુટતી હાજરી બાબતે છુટછાટ આપી શકશે.

૧૨) પ્રવેશ અંગેના અરજી ફોર્મ યુનિવર્સીટી વેબસાઇટ www.jau.in પર જઇ ઓનલાઇન અરજીતા.૨૦/૧૨/૨૦૨૪, શુક્રવારના બપોરના ૧૨.00 કલાકે થી તા. ૨૦/૦૧/૨૦૨૫, સોમવાર (રાત્રીના ૧૨.00 કલાક) સુધીમાં કરી પ્રિન્ટ કાઢવાની રહેશે અને જ્યારે અત્રેની કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે આધારો સહીત રજુ કરવાની રહેશે.

વિસ્તરણ શિક્ષણ નિયામક,
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી,
જૂનાગઢ